# પાલનપુર નગરપાલિકાનો કમિટી વિવાદ પ્રદેશ પર છોડાયો

**બાગી ૧૩ સહિત તમામ ચેરમેન પર લટકતી તલવારઃ ૧૧માં મહિનામાં ઉકેલ આવે તેવી વકી : ભાજપ મોવડી મંડળે સાપે છછૂંદર ગળ્યા જેવી સ્થિતિ વચ્ચે આજનું મોત કાલ પર ઠેલ્યુ : તમામ ૨૧ કમિટીના ચેરમેનના રાજીનામાં લઇ લેતું મોવડી મંડળ**

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકામાં વિવિધ કમિટીઓની રચના સામે અસંતોષ ભભૂકી ઉઠતા ૧૩ બાગી નગરસેવકોએ ચેરમેનપદેથી રાજીનામાં ધરી દીધા હતા. જે વિવાદનો હલ લાવવા આજે પાલનપુર સર્કીટ હાઉસ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપના તમામ ૨૧ નગરસેવકો ના ચેરમેનપદેથી રાજીનામાં લઈ લેવાયા છે. આ રાજીનામાં પ્રદેશ માં મોકલી પ્રદેશની સૂચના મુજબ વિવાદનો હલ લાવવાનું આશ્વાસન આપી હાલ પૂરતો આ વિવાદ પર પડદો પાડવાનો પ્રયાસ કરતા ભાજપ મોવડી મંડળે આજનું મોત કાલ પર ઠેલ્યુ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની વિવિધ કમિટીઓની રચના સામે ૧૩ જેટલા અસંતુષ્ટ નગરસેવકોએ ચેરમેનપદેથી રાજીનામાં ધરી દેતા જિલ્લા ભાજપ મોવડી મંડળ સ્તબ્ધ થઈ ગયું હતું. જોકે, આ વિવાદને ઉકેલવા માટે પ્રભારી વસંતભાઈ પુરોહિતે આજે પાલનપુર સર્કીટ હાઉસ ખાતે નાદુરસ્ત ઉપપ્રમુખ હેતલબેન રાવલની અનુપસ્થિતિમાં પાલિકા પ્રમુખ અશોક ઠાકોર અને રાજીનામુ ધરી દેનારા ૧૩ બાગી નગરસેવકો સહિતના ભાજપના નગરસેવકો સાથે બેઠક યોજી હતી. જેમાં તમામ નગરસેવકોના રાજીનામાં લખાવી લેવામાં આવ્યા હતા. અને આ રાજીનામાં પ્રદેશ કક્ષાએ મોકલી પ્રદેશની સૂચના મુજબ વિવાદનો હલ લાવવાની હૈયાધારણા આપવામાં આવી હતી.

જોકે, આગામી નવેમ્બર માસમાં મળનારા પાલિકાના જનરલ બોર્ડ માં આ વિવાદનો હલ લાવવામાં આવશે. ત્યારે ત્યાં સુધીમાં તમામ નગરસેવકોને રાબેતા મુજબ કામે લાગી જવાનો અનુરોધ કરાયો હતો. આમ, ભાજપ દ્વારા આજનું મોત કાલ પર ઠેલી કમિટી વિવાદ પર ઠંડુ પાણી રેડવાનો પ્રયાસ કરાયો હોવાનો ગણગણાટ ખુદ ભાજપી કાર્યકરો સહિત નગરસેવકોમાં જોવા મળ્યો હતો.

### સાપે છછૂંદર ગળ્યા જેવી સ્થિતિ

ભાજપ મોવડી મંડળ માટે હવે કમિટી વિવાદ સાપે છછૂંદર ગળ્યા જેવો થયો છે. તમામ નગરસેવકો ના રાજીનામાં લખાવી લેનાર ભાજપ મોવડી મંડળ હવે જો મહત્વની કમિટીઓમાં ફેરફાર કરશે તો તે કમિટીના ચેરમેન પણ નારાજ થવાની સાથે તેઓના સમાજમાં તેમની બેઈજ્જતી થવાની સાથે પાર્ટીએ બાગી નગરસેવકો સામે નાકલીટી તાણી હોવાની ઉપસી આવનારી છાપ અંતે ભાજપને ભારે પડે તેવી પ્રબળ શક્યતાઓ વર્તાઈ રહી છે. લોકસભાની ચૂંટણી ટાણે ભાજપે આ મામલે દૂધનો દાજેલો છાસ પણ ફૂંકી ફૂંકી પીવે તેવી રીતે સાવચેતીપૂર્વકના પગલાં ભરવા પડશે. અન્યથા ભાજપને તેની ભારે કિંમત ચૂકવવી પડે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

# પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે શ્રેષ્ઠ કામગીરીને માટે સન્માન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા પંચાયત ખાતે તાલુકા પંચાયતમાં સારી કામગીરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તલાટી ક્રમ મંત્રીઓનું વહીવટીતંત્ર દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો હતો.



પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે સૌ પ્રથમવાર તાલુકા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ તથા તલાટીઓનો સન્માન સમારોહનું આયોજન તાલુકાના નવા નિમાયેલા પ્રમુખ બેચરસિંહ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા પંચાયતના બધાં વિભાગમાં આવેલ અધિકારીઓ કર્મચારીઓ તથા તલાટીઓમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સટી મોમેન્ટો શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકા પંચાયતોમાં વિકાસલક્ષી કામોમાં પ્રાંતિજ તાલુકો પ્રથમ ક્રમે આવતાં તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયાની કામગીરીને પણ બિરદાવવામા આવી હતી. વિરોધ પક્ષના નેતા ભાજપ સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી જે. એચ. કાપડીયા, તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ, ઉપપ્રમુખ રામસિંહજી, કારોબારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ દક્ષાબેન રાઠોડ સહિત તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાલનપુરની સી.બી.ગાંધી નૂતન હાઈસ્કૂલમાં શિક્ષકે છાત્રને ઢોર માર માર્યો હોવાની રાવ

પાલનપુરની નૂતન હાઈસ્કૂલમાં શિક્ષક દ્વારા ધોરણ-૯ ના વિદ્યાર્થીને ઢોર માર મારવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.



પાલનપુરના એંગોલા રોડ પર આવેલી પુષ્પાવતી સોસાયટીમાં રહેતા મહેશ પરસોત્તમભાઈ રાવળ નામનો છાત્ર સી.બી.ગાંધી નૂતન હાઈસ્કૂલમાં ધો.૯-ઈ માં અભ્યાસ કરે છે. જેને અંગ્રેજીના શિક્ષકે ઢોર માર માર્યો હતો. ત્યારે ઈજાગ્રસ્ત છાત્રને સારવાર અર્થે પાલનપુર સિવિલમા ખસેડાયો હતો.

શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ માથાકૂટ થઈ હતી. જે અંગે પીડિત છાત્રની માતાએ શિક્ષકની માફી માંગી છતાં આ છાત્રને શિક્ષકે ઢોરમાર માર્યો હોવાના આક્ષેપો તેના પરિવારજનોએ કર્યા હતા.



## ખેડબ્રહ્મા પોલીસે ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાંથી બે થેલા દારૂ પકડ્યો

ખેડબ્રહ્મા પોલીસના સુરેન્દ્રસિંહ અને ચેતશભાઈ સ્ટાફ સાથે શુક્રવાર સવારે પેટ્રોલિંગમા હતા ત્યારે બાતમી મળી હતી કે ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમા એક ઈસમ બે થેલા લઈ આમલીના ઝાડ નીચે ઉભો હતો. જે પોલીસને જોઈ ભાગવા જતા પોલીસે પકડી પાડતા ડુંગરપુરના અશ્વિનકુમાર બાબુલાજી ડામોરને પકડી પાડી થેલામાં તપાસ કરતા ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ૪૬ બોટલ કિંમત રૂપિયા ૨૭૮૬૦ના દારૂ સાથે પકડી પાડી ટાઉનમા મગનભાઈ અમરાજીની ફરિયાદ આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

# હરસોલ વિસ્તારમાં વજનકાંટા પરથી કપચી વેચવાનું કૌભાંડ પકડાયું

તલોદ, તા, ૩૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ પંથકમાં આવેલ ક્વોરીમાંથી ક્વોરીના વજનકાંટા ઉપર ફરજ બજાવતા કર્મચારીની મદદથી ૬ ટ્રક ભરેલી કપચીનો માલ કેટલાક લોકોએ સુઆયોજીત કાવતરૂ રચી વેચી માર્યો હોવાની એક ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવા પામેલ છે. આ ઘટનામાં અંદાજીત રૂ. ૭૦ હજારની કપચી જેનુ વજન ૧૩૦ ટન થવા જાય છે. તે ક્વોરી માલીકોની જાણ બહાર ઉઠાવી લઈ જવાનું કૌભાંડ સપાટી પર આવ્યું છે. આ ઘટનામાં સંડોવાયેલા મનાતા ૪ ઈસમોને તલોદ પોલીસે ઝડપી લઈ તપાસનો દોર જારી રાખેલ છે. કપચી ચોરીના બનેલા મસમોટા કૌભાંડ થકી ક્વોરી માલીકોમાં દહેશત ઉદ્‌ભવી છે. જ્યારે ગાડીઓ-ગાડીઓ ભરીને માલ ચોરી જનારા તત્વોમાં ફફડાટથી લાગણી ઉદ્‌ભવી છે.

તલોદ તાલુકાના હરસોલ પંથકમાં આવેલ એમ.બી. સ્ટોન ક્વોરીના ડાયરેક્ટર કૌશિકકુમાર અમૃતલાલ પટેલનાઓએ તલોદ પોલીસ દફતરે નોંધાવેલ ફરિયાદ અન્વયેની વિગત એવી છે કે તેમની ક્વોરીમાં વજન કાંટા ઉપર પુંસરીનો રહીશ જનક જયંતિલાલ પંચાલ પાંચેક માસથી રાત્રી ફરજ બજાવે છે. જે ગાડીમાં માલ ભરાવી, તોલમાપ કરી, ગાડીની કાંટા પાવતી તથા રોયલ્ટી પાસ કાઢી આપવાની ફરજ બજાવતો હતો.

આ ક્વોરીમાં આર.કે.સી. ઈન્ફ્રાબેલ્ટ અમદાવાદના ખાતામાં ગાડી (ટ્રક) નં. જીજે.૧૮. એએક્સ.૬૪૫૫ કપચીનો માલ લેવા અવારનવાર આવતી હતી. જેનું બીલીંગ દર મહિને થતું હતું. જે અન્વયે ગત તા. ૨૭-૮-૧૮ના રોજ ક્વોરી તરફથી આરેકસીને બીલીંગ કરતા જાણવા મળ્યું હતું કે તે કંપનીની ટ્રક જુલાઈ માસની તા. ૪, ૭, ૮, ૯ અને ૩૦ના રોજ ક્વોરીમાં કપચીનો માલ ભરવા આર.કે.સી. કંપનીએ મોકલી જ ન હતી. આમ થતાં ક્વોરી માલીકોએ કંઈક રંધાયુ હોવાની આશંકા વ્યક્ત કરીને તપાસનો ધમધમાટ જારી કર્યો હતો. તેઓએ ક્વોરીના કોમ્પ્યુટરના સોફ્ટવેરમાં માલુમ થડેલ કે ઉક્ત નંબરની ટ્રકની જગ્યાએ બીજા નંબરની ગાડી માલ ભરીનો ક્વોરીમાંથી નીકળી જતી હતી. ક્વોરી માલીકોએ સીસીટીવી ફૂટેજ જોતાં માલુમ પડ્યું હતું કે અન્ય નંબરની ગાડી કંપનીના વજન કાંટા ઉપર ફરજ બજાવતા કર્મચારી જનક પંચાલની મદદથી ભરાઈ જતી હતી. ક્વોરીમાં માલ ભરવા આવતી ગાડીનો તત્કાળ કાંટો કરી ગાડી પસાર કરવામાં મદદ કરતો હોવાની આશંકા દૃઢ બની હતી.

## હિંમતનગરમાં બિલ્ડરોએ મકાન ખરીદનાર સાથે છેતરપીંડી કરતા સાત વિરૂદ્ધ ફરીયાદ

**ફ્લેટ બનાવનાર ભાગીદારોએ કામ પુરૂ નહી કરી ૮.૮૬ લાખ પડાવી લીધા હોવાનો આક્ષેપ**

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગરમાં કેટલાક બિલ્ડરો મકાન અને ફ્લેટની પાંચ વર્ષ અગાઉ આકર્ષક સ્કીમ મુકી ખરીદનારાઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની ઘટના બહાર આવી છે ત્યારે છેતરપીંડીનો ભોગ બનેલ એક ઈસમે સાત જણા વિરૂદ્ધ હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

આ અંગે હિંમતનગરના ગિરધરનગરમાં રહેતા મહેશ ગીરધારીલાલ ખત્રીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૩૧-૫-૨૦૧૩ના રોજ હિંમતનગરના જલારામ મંદિર રોડ પર બળવંતપુરા ગામની સીમમાં ઢુંઢર ગામના પરેશકુમાર કાંતીલાલ સુથાર તથા ગાંધીનગરના રોનક સતીશભાઈ ગજ્જર, સંદીપભાઈ હસમુખભાઈ ચુડાસમા, પ્રણવ કનુભાઈ પટેલ, ધવલ સુર્યકાન્તભાઈ પટેલ, સતીશભાઈ સોમાભાઈ સુથાર તથા હસમુખભાઈ પોપટભાઈ ચુડાસમાએ ભાગીદારી કરીને પ્રોટ્રોન એન્જી પ્લસના નામે ફ્લેટોની સ્કીમ મુકી હતી. જેમાં પરેશભાઈ સુથાર અને રોનકભાઈ ગજ્જર પાસેથી મહેશભાઈ ખત્રી તથા અન્ય લોકોએ ફ્લેટ ખરીદ્યા હતા. જેમાં મહેશભાઈ ખત્રીએ રૂ. ૮.૮૬ લાખ આ બિલ્ડરોને તત્કાલીન સમયે આપ્યા હતા.

ત્યારબાદ આ બિલ્ડરોએ કપટ કરીને આ ફ્લેટ અન્ય ગ્રાહકોને વેચાણ દસ્તાવેજથી આપી દીધા હતા. એટલું જ નહી પણ આજ દિન સુધી ફ્લેટોનું કામ અધુરૂ છોડી દઈ ભાગીદારોએ તેમના હિસાબી બાબતે તથા પોતાના ફાયદા માટે સગાઓને ફ્લેટોના દસ્તાવેજ કરી આપી મહેશભાઈ ખત્રી તથા અન્ય લોકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા મહેશભાઈ ખત્રીએ સાતેય જણા વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## અરવલ્લી જિલ્લામાં જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓના આસમાને પહોંચેલા ભાવથી પ્રજાજનોની હાલત દયનીય

**પેટ્રોલ-ડીઝલના ભાવમાં અસહ્ય વધારો પ્રજાજનો લાચાર**

મોડાસા, તા. ૩૧

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપે લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના ભ્રષ્ટાચારનો અને મોંઘવારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ પ્રજાને ‘‘અચ્છે દિન’’ આવશે તેવું વચન આપ્યું હતું પરંતુ તેમના શાસનના ૪ વર્ષ પૂર્ણ થવા આવ્યા છતાં અચ્છે દિન તો ઠીક ‘‘બુરે દિન’’ જોવાના દિવસો આવતા મોદીએ ખરેખર સપનાઓનું વેચાણ કર્યું હોય તેવો પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.



તમામ જીવનજરૂરિયાત ચીજવસ્તુઓના ભાવમાં કમરતોડ વધારો થતા અને પેટ્રોલ-ડીઝલના આસમાને આંબતા ભાવથી અરવલ્લી જીલ્લાના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની હાલત દયનિય બની છે. જીવનનિર્વાહ ચલાવવા રીતસરના ફોફ મારવા પડતા ભારે મુશ્કેલીમાં મુકવાનો વારો આવ્યો છે. બીજીબાજુ અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દિવસેને દિવસે અધધ વધતી મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી હોવાની અને કેન્દ્રમાં કોંગ્રેસ શાસન સમયે પેટ્રોલ-ડીઝલ ના ભાવમાં ૧ રૂપિયાનો વધારો થતા રસ્તા પર ઉતરી પડતા અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરતા ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો એ ચુપકીદી સાધી લેતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો આવતા ભાવ ઐતિહાસીક સપાટીએ પહોંચી ગયા છે તેથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં છેલ્લા ૮ માસની સરખામણીએ આશરે રૂ. ૮ થી ૧૧નો ધરખમ વધારો થયો છે અને ભાવનગરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી ગયા છે. ભાવ વધારાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના પગલે ગરીબ અને મધ્યમ વર્ગના બજેટ ખોરવાય ગયા છે તેથી લોકોમાં રોષ ભભૂકી ઉઠયો છે પરંતુ સરકારને ભાવ ઘટાડવામાં કોઈ રસ ન હોય તેમ જણાય રહ્યુ છે.

અરવલ્લી જીલ્લામાં વસવાટ કરતી મોટા ભાગની પ્રજા મધ્યમ વર્ગીય અને ગરીબ લોકો હોવાથી અને વિકાસથી વંચિત રહેતા અને રોજગારી પુરા પાડનાર ઉદ્યોગોનો અભાવ હોવાથી બેરોજગારીનું પ્રમાણ પણ દિવસેને દિવસે વધી રહ્યું છે ત્યારે હાલમા ચીજવસ્તુઓનો ભાવ વધારો અસહ્ય હોવાથી ગરીબ અને મધ્યમવર્ગીય નાગરિકોની હાલત કફોડી બની ગઈ છે. રોજબરોજ બજારમાં ચીજવસ્તુઓના ભાવમાં સતત થતા વધારાથી લોકોની લાગણી દુભાઈ છે. અસહ્ય મોંઘવારીથી ગરીબ લોકો ભૂખ્યા રહેવાનો વારો આવ્યો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

# શ્રાવણ મહિનામાં કેળા ખાઈ પ્રજાજનો ધીમું ઝેર પેટમાં પધરાવી રહ્યા છે

**ઈથિલિન નામના કેમિકલથી ૧૦ દિવસના બદલે ૨૪ કલાકમાં કેળા પકવી વેપારીઓ પ્રજાજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડા : જવાબદાર તંત્ર ગાઢ નિંદ્રામાં**

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં કાર્બાઈડ અને ઈથિલિનથી કેરીઓ પકવતા વેપારીઓ સામે ફૂડ એન્ડ ડ્રગ તંત્ર, નગરપાલિકા સેનેટરી વિભાગ અને જીલ્લા આરોગ્ય તંત્ર ઘૂંટણિયા ટેકવી દેતા બેફામ બનેલા વેપારીઓ ઉપવાસમાં સૌથી વધુ આરોગતા અને શક્તિવર્ધક કેળા પણ ઈથિલિન અને પાણીમાં ડુબાડી કોલ્ડ સ્ટોરેજ સિસ્ટમમાં રાખી ૨ દિવસમાં બિન પ્રાકૃતિક રીતે પકવી લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરી ચામડી, ગળામાં ઈન્ફેક્શન અને કેન્સર જેવી બીમારીઓના મુખમાં ધકેલી રહ્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લાભરમાં ઈથિલિન (બેથેલીન) નામના કેમિકલથી પકવેલા કેળાનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. મોડાસા શહેરમાં કેટલાક લેભાગુ વેપારીઓ મોટા કોલ્ડસ્ટોરેજ બનાવી કાચા કેળા મંગાવી કુદરતી રીતે પકાવવાના બદલે મોટા પાત્રમાં ઈથિલિન અને પાણી મિક્સ કરી તેમાં કાચા કેળા ડુબાડી રાખી કોલ્ડસ્ટોરેજમાં રાખી દેવામાં આવે છે. સામાન્ય રીતે કાચા કેળા પાકવા માટે ૧૫ દિવસથી વધુનો સમય થતો હોય છે ત્યારે કેમિકલમાં પકવેલા કેળા ૨૪ કલાકમાં લીલાછમ કેળાનો રંગ પાકો પીળો બની જતો હોવાની સાથે પાકી જતા બીજા દિવસે ફેરિયાઓ લારીઓમાં કેળા વેંચતા કેમિકલથી કેળા પકાવવામાં આવતા હોવાની વાતથી અજાણ પ્રજાજનો રૂપિયા ચૂકવી પેટમાં ધીમું ઝેર પધરાવી ગંભીર બીમારીમાં સપડાઈ રહ્યા છે. ફૂડ અને ડ્રગ તંત્ર, નગરપાલિકા સેનેટરી તંત્ર અને જીલ્લા આરોગ્ય વિભાગ અજાણ છે કે પછી આંખ આડે કાન કરવામાં આવી રહ્યા છે. જીલ્લાના જવાબદાર તંત્ર દ્વારા જીલ્લાવાસીઓના આરોગ્ય સાથે ખિલાવડ કરતા લેભાગુ વેપારીઓ સામે કાયદાકીય શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ જાગૃત નાગરિકોમાં પ્રબળ બની છે.



# તલોદમાં ત્રણ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા બે સગા ભાઈ પકડાયા

તલોદ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ શહેરી વિસ્તારનો એક વર્ષ અગાઉ ત્રણ મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં એલસીબીને સફળતા મળી છે. જે મુજબ બુધવારે એલસીબીએ હિંમતનગર બસસ્ટેન્ડ સામેથી બાતમીને આધારે અમદાવાદના બે સગા ભાઈઓને ઝડપી લઈ પુછપરછ કર્યા બાદ તેમની પાસેથી રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ માટે આ બંને શખ્સોને તલોદ પોલીસ સ્ટેશનમાં મોકલી આપ્યા હતા.



આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અંદાજે એક વર્ષ અગાઉ તલોદ તાલુકામાં અને ખાસ કરીને તલોદના શહેરી વિસ્તારમાં ધોળે દહાડે કેટલાક શખ્સો બંધ મકાનમાં ઘુસી જઈને ચોરીઓ કરતા હતા. જે અંતર્ગત તલોદની શિવમ સોસાયટીમાં, પાંચ વર્ષ અગાઉ તલોદ જીઈબીની સામે આવેલ બે વિસ્તારમાં નજરપાર્ક સોસાયટીમાં રહેતા ઈમરાનખાન દિલાવરખાન ગોરી અને આદમખાન દિલાવરખાન ગોરી હોવાનું બંને જણાએ જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે બંનેની ઉલટ તપાસ કરી મકાનમાંથી ધોળે દહાડે અંદાજે રૂ. ૧ લાખથી વધુની ચોરી થઈ હોવાની ફરીયાદ તત્કાલીન સમય તલોદ પોલીસ સ્ટેશનમાં કરાઈ હતી. પરંતુ આ ત્રણેય ગુનાનો ભેદ વણઉકલ્યો હતો.

દરમ્યાન એલસીબીને એવી બાતમી મળી હતી કે બે શખ્સો હિંમતનગરના બસસ્ટેન્ડ સામે આવી રહ્યા છે. જે આધારે પોલીસે બુધવારે વોચ ગોઠવીને અહી ઉભા રહેલા બંને શખ્સોની પૂછપરછ કરતા તેઓ અમદાવાદના વટવા કડકાઈથી પૂછપરછ કરતા તેઓએ તલોદના શહેરી વિસ્તારમાં આવેલા બંધ મકાનોમાં ધોળે દિવસે ચોરી કરી હોવાનું કબુલ્યુ હતું.

ત્યારબાદ પોલીસે બંને ભાઈઓની અંગઝડતી લઈ તેમની પાસેથી સોનાના બુટીયા, ચાંદીનો જુડો, ચાંદીની પાયલ તથા એક બંધ હાલતનો મોબાઈલ મળી અંદાજે રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ કબજે લઈ બંને ભાઈઓની અટકાયત કર્યા બાદ વધુ તપાસ માટે તલોદ પોલીસને હવાલે કર્યા હતા.

# ઊંઝાના કંથરાવી રામજી મંદિરમાં ભગવાનના દાગીના લઈ ગઠીયો ફરાર

ઊંઝા, તા. ૩૧

ઊંઝા તાલુકાના કંથરાવી ગામે રામજી મંદિરમાં આવેલ એક સાધુ મંદિરના મહંતની ગેરહાજરીનો લાભ ઉઠાવી સોના-ચાંદીના કિંમતી દાગીના, આભૂષણો, ચેક, રોકડ રકમ તથા અન્ય માલસામાન મળી લાખો રૂપિયાની કિંમતની મત્તા લઈને ક્યાંક ફરાર થઈ ગયો હોવાનો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર જાગી છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના કંથરાવી ગામે રામજી મંદિર આવેલ છે. આ મંદિરમાં તાજેતરમાં સાધુ રાઘવ પાઠક નામના કોઈ સાધુ આવ્યા હતા. જેઓ મંદિરના મહંતની ગેરહાજરીમાં તકનો ગેરલાભ ઉઠાવી ધોળા દિવસે મંદિરમાંથી સોના-ચાંદીના દાગીના, આભૂષણો, ચેક, રોકડ રકમ તથા અન્ય માલ સામાન મળી લાખો રૂપિયાની કિંમતની મત્તાની ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે કંથરાવીના કેટલાક શ્રદ્ધાળુઓ અને મંદિરના મહંત ઉનાવા પોલીસ મથકે ફરીયાદ નોંધાવવા માટે ગયા હતા. પરંત કોણ જાણે કેમ તુરત ફરીયાદ નોંધાઈ ન હતી અને બનાવ બન્યાના ત્રીજા દિવસે મંદિરના મહંત શંકરદાસ લક્ષ્મણદાસની ફરિયાદના આધારે ઊંજાના પોલીસે સાપરાધ વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ફરિયાદમાં આરોપી સાધુ રાઘવ પાઠકનું સરનામુ દર્શાવેલ નથી. કહે છે કે કંથરાવી રામજી મંદિરમાંથી અંદાજે છ લાખની કિંમતની મત્તા સાધુ લઈને ફરાર થઈ ગયેલ છે. જ્યારે ફરિયાદમાં ૩,૫૫, ૦૦૦ની મત્તાનો ઉલ્લેખ થયો છે.

## લાલપુરની સીમમાં બાઈક અકસ્માતમાં ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ લાલપુર ગામની સીમમાં ૧૧ દિવસ અગાઉ બે બાઈકો સામ સામે ટકરાતા ત્રણથી વધુ લોકોને ઈજા થતા તેમને સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન પ્રાંતિજ તાલુકાના બોરીયા ગામના એક ઈસમનું મોત નીપજ્યું હતું. જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે બોરીયા ગામના અનવરસિંહ સોમસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૯ ઓગષ્ટના રોજ તેઓ બાઈક નં. જીજે.૦૯.સીટી-૩૨૬૪ લઈને વિજાપુર-હિંમતનગર રોડ પર આવેલ લાલપુર ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક નં. જીજે.૦૯. ડીસી.૧૬૭૪ને ટક્કર મારતા તેમને તથા સંજયસિંહ ચંપકસિંહ રાઠોડ તથા અન્ય એકને ઈજા થતા તેમને સારવાર માટે ખસેડાયા હતા. જ્યા ગંભીર ઈજાને કારણે સંજયસિંહ રાઠોડનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જેથી અનવરસિંહ રાઠોડે બુધવારે બાઈક નં. જીજે.૦૯.ડીસી.૧૬૭૪ના અજાણ્યા ચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.